દાદા ભગવાન પરિવારનું

જૂલાઈ ૨૦૨૧

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



# પોકેટ મની



## સંપાદકીય

વ્હાલા મિત્રો,

પૈસાને તો આપણે બધા જ ઓળખીએ, ખરું ને ? પૈસાથી આપણે આપણી મનગમતી ચીજો ખરીદીને ખુશી મેળવી શકીએ. પણ શું પૈસાથી બધી જ મનગમતી ચીજો ખરીદી શકાય ? ના ! ખરેખર તો જીવનની સૌથી કિંમતી ચીજો અમૂલ્ય હોય છે જે પૈસાથી ક્યારેય ના ખરીદી શકાય. ચાલો, આ અંકમાં એ અમૂલ્ય ચીજોની ઓળખાણ મેળવીએ.

સાથે સાથે આપણને જો કદી આપણા પર્સનલ ખર્ચ માટે પૈસા, એટલે કે પોકેટ મની મળે તો એનો સાચો ઉપયોગ કરવાની રીતો સમજીએ અને નાની અમથી પોકેટ મનીની રકમથી અમૂલ્ય ખજાનો પ્રાપ્ત કરવાનો રસ્તો શોધી કાઢીએ.

- ડીમ્પલભાઈ મહેતા



# અક્રમ એક્સપ્રેસ

Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.


© 2021, Dada Bhagwan Foundation
All Rights Reserved

વર્ષ : ૧૩, અંક : ૧૧
સળંગ અંક : ૧૫૫
જૂલાઈ ૨૦૨૧

................................

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# જ્ઞાનીઓ કહે છે...

**પ્રશ્નકર્તા** - મારા પેરેન્ટ્સ મને પોકેટ મની આપે છે. એ પોકેટ મનીની બચત અને એના વપરાશ માટે મારે કઈ સમજણ ગોઠવવી જોઈએ ?

**પૂજ્યશ્રી** - મારા પપ્પા પણ મને પોકેટ મની આપતા હતા. એ પૈસા હું ઈકોનોમિકલી વાપરતો હતો. હા, કોઈને હેલ્પ કરવાની હોય તો કરી લઉં. બાકી, પપ્પાને બૂમ ના પાડવી પડે એ રીતે એડજસ્ટમેન્ટ કરી લેતો. ઘરેથી ખાવા-પીવાનું મળતું હોય, પછી બજારનું ખાવાની અને તબિયત બગાડવાની જરૂર શું ? દરેક વખતે અમુક જગ્યાએથી બસ લઈએ તો પાંચ પૈસા ઓછા થતા. તો હું ત્યાંથી બસ લેતો. સાચવીને પૈસા ખર્ચ કરતો.

**પ્રશ્નકર્તા** - મારા ફ્રેન્ડ પાસે મારા કરતા વધુ પોકેટ મની હોય અને એ શો ઓફ કરે તો મને દુઃખ થાય. મને એમ થાય કે મારે પણ વધારે પૈસા જોઈએ છે. તો એ વખતે મારે શું કરવું ?


**પૂજ્યશ્રી** - તારો ફ્રેન્ડ સાત નંબરના બૂટ પહેરતો હોય અને તું પાંચ નંબરના બૂટ પહેરતો હોય તો શું કરવું જોઈએ ? હું પણ સાત નંબરના મોટા બૂટ પહેરીશ. પછી હું પણ એની જેમ દોડીશ. દોડીએ તો શું થાય આપણું ? પડીએ અને માથું ફુટી જાય. એટલે આપણે કોઈની કમ્પેરિઝન નહીં કરવાની. આપણી શક્તિ પ્રમાણે આપણે રહેવું.

આપણા પેરેન્ટ્સ પાસે જરૂરિયાતના પૈસા હોય અને તેઓ આપણને વધારે આપી ન શકે તો એમને દુઃખ રહે કે મારા બાળકોને ઈચ્છા છે અને અમે આપી નથી શકતા. આપણે મમ્મી-પપ્પાને દુઃખ નહીં આપવાનું. આપણે પૈસા બચાવીને એમને કહેવાનું કે તમે વધારે આપો છો અને અમને તો ઓછાની જરૂર છે. આ સાંભળીને તેઓ કેટલા રાજી થાય !


**પ્રશ્નકર્તા** - અને મારી પાસે મારા ફ્રેન્ડ કરતા વધારે પોકેટ મની હોય તો કેવી રીતે વાપરવા ?

**પૂજ્યશ્રી** - દેખાડો નહીં કરવાનો. આપણે અહંકાર અને રોફમાં ફર્યા કરીએ કે, 'હું હોંશિયાર, પૈસાવાળો, બધા કરતા ઊંચો છું.' તો ફ્રેન્ડને કેટલું દુઃખ થાય ?

ફ્રેન્ડ જેવી રીતે વાપરતો હોય, એવી સામાન્ય રીતે વાપરવાના. એટલે એને સંતોષ થાય કે આપણા જેવું જ છે. એની સાથે સરખાપણું દેખાડીએ તો એને આનંદ થાય કે આપણે સરખે સરખા છીએ.



# SPEND SHARE SAVE



# પૈસાનો ઉપયોગ


સસલું, હાથી અને ઊંદર ફટાકડાની દુકાનમાંથી, અને ચિમ્પુ (મંકી) રમકડાની દુકાનમાંથી કેરમ-બોર્ડ લઈને બહાર નીકળ્યા.
તારે ફટાકડા નથી લેવા ?
ના ! હું દિવાળીમાં કેરમ-બોર્ડ રમીશ !
દિવાળીના દિવસે બધા એનિમલ્સ ફટાકડા ફોડતા હતા.
નોઈસ પોલ્યુશન એર પોલ્યુશન,
બીજા દિવસે,
ફટાકડા તો કાલે ફોડી દીધા, આજે શું કરીશું ?
આખું વેકેશન આપણે બધા મળીને કેરમ-બોર્ડ રમીશું ! પૈસાનો કાયમ સદુપયોગ કરવાનો. ફટાકડા તો બે મિનિટમાં ફૂટી જાય, કેરમ તો કેટલી બધી વાર રમાય !!

સીટી લાઈબ્રેરીના હોલની ઠંડકમાં બેઠેલા બાળકોની આંખોમાં એક તીવ્ર પ્રતીક્ષા હતી. થોડી જ ક્ષણોમાં તેઓ પોતાની સહુથી ફેવરીટ બુકના ઓથરને મળવાના હતા.

‘ચિલ્ડ્રન, આ બુક સાઈનિંગ ઈવેન્ટમાં તમારું સ્વાગત છે. આજે મિસ આચાર્ય તમારી સાથે દિલ ખોલીને વાતચીત કરશે અને પછી તમારી બુકમાં સાઈન કરી આપશે. તો, પ્લીઝ જોઈન મી ટુ વેલ્કમ ધ ઓથર ઓફ ‘ધ ગોલ્ડન વિંગ્સ’ (સોનેરી પાંખો), મિસ આર્યા આચાર્ય,’’ લાઈબ્રેરીયન મિસ નેન્સીએ એનાઉન્સ કર્યું. બાળકોના દિલના ધબકારા વધી ગયા.

# ગોલ્ડન વિંગ્સ




મિસ આર્યાએ આવીને બધા બાળકો સામે એક મીઠી સ્માઈલ આપી અને પોતાની ચેરમાં બેસી ગયા. માઈક હાથમાં લઈને કહ્યું, ‘‘મને એવું લાગે છે કે જાણે હું તમને પહેલેથી જ ઓળખું છું. આ બુકના માધ્યમથી આપણું પહેલેથી જ કનેક્શન થઈ ગયું છે. રાઈટ ?’’ બાળકો અંદર અંદર એકબીજાની સામે જોઈને હસી પડ્યા.

‘‘તમારો રીડિંગમાં ઈન્ટરેસ્ટ જોઈને મને બહુ જ આનંદ થાય છે !’’ મિસ આર્યાએ બાળકોને કહ્યું.

‘‘મેડમ, મારે પણ તમારા જેવું બનવું છે. તમને રીડિ-ંગનો ઈન્ટરેસ્ટ ક્યારથી અને કેવી રીતે જાગ્યો ?’’ એક નાનકડી બાળકીએ પોતાના મીઠા અવાજમાં પૂછ્યું.

‘‘ગ્રેટ ક્વેશ્ચન ! આ મારી ફેવરીટ સ્ટોરી છે. સાંભળશો ?’’ મિસ આર્યાએ પૂછ્યું. બધાએ ‘હા’ પાડી.

‘‘યર ૨૦૦૧નું સમર વેકેશન હતું. હું લગભગ તમારી ઉંમરની હતી. આમ તો દર વર્ષે ઉનાળાની રજાઓમાં હું નાનાજીના ઘરે જતી. પણ એ વર્ષે વેકેશન સ્પેશિયલ બની ગયું કારણ કે નાનાજીએ મને અને મારા કઝીન્સને પૈસા



આપીને એક કોન્ટેસ્ટ ડિકલેર કર્યો. અને હા, અમને કોઈ નાની અમથી અમાઉન્ટ નહોતી મળી. પૂરા હજાર રૂપિયા મળ્યા હતા. કોન્ટેસ્ટ એ હતો કે જે કોઈ પણ એ પૈસાનો બેસ્ટ ઉપયોગ કરશે એને દિવાળી વેકેશનમાં નાનાજી 'વિનર' ડિકલેર કરશે.

બાર વર્ષની મારી લાઈફમાં મેં પહેલી વાર હજાર રુપિયા હાથમાં પકડ્યા હતા. એ પૈસા પોતાના પર્સમાં મૂકીને મને 'પાવરફુલ' ફીલ થયું. શું પૈસા પાવર આપે ? મને નહોતી ખબર. પણ હા, એ પૈસા મારા માટે ક્લાસના પોપ્યુલર (લોકપ્રિય) ગ્રુપમાં ફીટ થવાની ટિકિટ હતી. મેં મારા મનમાં પૈસા વાપરવાના પ્લાન્સ બનાવી દીધા અને મારી ડાયરીમાં નોટ કરી દીધા. નાનપણથી હું એક ડાયરી રાખતી જેમાં હું મારા વિચારો, મારા આઈડિયાઝ અને પ્લાન્સ લખતી.

છઠ્ઠા ધોરણનો પહેલો દિવસ હતો. ક્લાસમાં એક નવો ચહેરો દેખાયો. એકદમ સિમ્પલ અને સ્વીટ. ટીચરે ક્લાસને રિષા ધર્મદર્શીની ઓળખાણ કરાવી. પણ તે દિવસે મને રિષામાં કોઈ ઈન્ટરેસ્ટ નહોતો. પર્સમાં પૈસા હોય ત્યારે સાદી સિમ્પલ છોકરી સાથે મિક્સ થવાનું કોને મન થાય ? મારે તો ક્લાસની પોપ્યુલર છોકરીઓના ગ્રુપમાં જોડાવું હતું. એમની સાથે કેન્ટીનમાં નાસ્તો કરવો હતો. એમના જેવું બનવું હતું. ઈન શોર્ટ, મને એવું જોઈતું હતું કે એ લોકો મને સ્વીકારે.

"હું તમારી સાથે આજે રિસેસમાં કેન્ટીનમાં આવું ?" મેં અવનીને પૂછ્યું.

"હા, શ્યોર ! વાય નોટ ! જોઈન અસ" અવનીએ મને જવાબ આપ્યો અને સાથે સાથે એની બીજી ફ્રેન્ડને કહ્યું, "યાર, ડેઝીને છોડી દે ! આજથી એ આપણી સાથે કેન્ટીનમાં નહીં આવે. એના ડેડીએ એનું પોકેટ મની બંધ કરી દીધા છે." અને બંને છોકરીઓ હસી પડી.

તે વખતે મારા દિલમાં થોડી ગભરામણ થઈ, "એટલે કે મારા પૈસા ખતમ થઈ જશે એટલે આ લોકો મને પણ છોડી દેશે ? એમની ફ્રેન્ડશીપ ત્યાં સુધી જ ટકશે જ્યાં સુધી મારી પાસે પૈસા હશે ?" વિચારો પર 'પોઝ' બટન દબાવીને હું એ છોકરીઓ સાથે નાસ્તો કરવા ગઈ. કોઈ પણ સંકોચ કર્યા વગર, મેં પહેલી વાર કેન્ટીનમાંથી બર્ગર, ચિપ્સ અને કોલ્ડ-ડ્રિન્કસ ખરીદ્યા. પણ કોણ જાણે કેમ મને એવી મજા ના આવી જેવી મેં ધારી હતી !

તે દિવસે રાત્રે મેં ડાયરીમાં આખા દિવસની ઘટનાઓ ઉપરાંત, પોકેટ મની સ્પેન્ડ કરવાનો એક નવો સોલિડ પ્લાન લખ્યો. મારા પ્લાન્સમાં રીષા ધર્મદર્શી સાથે ફ્રેન્ડશીપ કરવાનો કોઈ ઉલ્લેખ નહોતો. પણ રીષા સાથે દોસ્તી કોઈ



પણ પ્રયત્ન વગર જ થઈ ગઈ. ટીચરે અમને એક પ્રોજેક્ટમાં સાથે લીધા. કામ પૂરું થાય એટલે તરત જ રિષા પોતાની ફેવરીટ બુક લઈને બેસી જાય. તે દિવસોમાં 'હેરી પોટર' સીરિઝની ફર્સ્ટ બુક રિલીઝ થઈ હતી. રિષા, એ બુકની બહુ જ મોટી ફેન હતી. રિષા એ હેરી પોટરની મેજિકલ દુનિયાની સાથે સાથે રીડિંગની મેજિકલ દુનિયા સાથે પણ મારો પરિચય કરાવ્યો. રિષા કહેતી હતી કે એની ફેવરીટ બુક એની પાસે હોય તો એને કશાની જરૂર ના પડે. બુક વાંચતા જ એ એક ખુશખુશાલ દુનિયામાં પહોંચી જાય.

મને ખબર પણ ના પડી કે ક્યારે મને રિષાની જેમ બુક્સની કંપની ગમવા લાગી. એવું નહોતું કે મારે પેલી પોપ્યુલર છોકરીઓની કંપની છોડી દેવી હતી. મારી પાસે પૈસા હતા અને પૈસા વાપરવા માટેના પ્લાન્સ પણ. છતાંય, રોજ રાત્રે ડાયરીમાં હું એક જ વસ્તુ લખતી. ફેવરીટ ફૂડ ખાધા પછી પણ, ફેવરીટ વસ્તુઓ ખરીદ્યા પછી પણ, મને એ છોકરીઓની કંપનીમાં એટલી મજા નહોતી આવતી જેટલી મને રિષાની કંપનીમાં આવતી હતી. એવું કેમ હતું ? એક રાત્રે ડાયરી લખતા લખતા મને એનો જવાબ જડ્યો. રિષાની કંપનીમાં, હું જેવી છું એવી જ બનીને રહેતી. મારે એની સામે કોઈ 'શો ઓફ' નહોતો કરવો પડતો. કારણ કે મને એ મારા જેવી જ લાગતી. અને બીજી છોકરીઓની કંપનીમાં હું એમની જેવી બનવાની કોશિશ કરતી અને એમ કરતા કરતા થાકી જતી. લખતા લખતા મને પોકેટ મની ખર્ચ કરવાનો એક નવો પ્લાન સુઝ્યો. હજારમાંથી ત્રણસો રૂપિયા તો મેં ખર્ચી કાઢ્યા હતા. પણ સાતસો તો બાકી હતા ને !



"વાઉ મેડમ, એટલે તમારી ફ્રેન્ડે તમને રીડિંગની દુનિયા સાથે ઈન્ટ્રોડક્શન (પરિચય) કરાવ્યું ! પણ તમે પોકેટ મની ખર્ચ કરવાનો શું પ્લાન બનાવ્યો ?" નાનકડી બાળકીએ ઉત્સ-ાહપૂર્વક પૂછ્યું. આર્યાએ હસીને જવાબ આપ્યો, "હા, એ પ્લાન મારે રિષાને વહેલી તકે કહેવો હતો. પણ સોમવાર સુધી રાહ જોવાની હતી. સોમવાર સવારે સ્કૂલે પહોંચતા જ મેં રિષાને શોધી. પણ મેડમ તો હોલના ખૂણામાં જઈને ગોઠવાઈ ગયા હતા અને લેક્ચર શરૂ થઈ ગયું હતું. શહેરના સૌથી નામાંકિત

ડોક્ટર, અમારી સ્કૂલમાં ગેસ્ટ લેક્ચર આપવા આવ્યા હતા. લેક્ચર પત્યું અને હું રિષા પાસે ભાગીને ગઈ. મેં જ્યારે રિષાને મારા પોકેટ મનીમાંથી ખરીદેલી બુક ગિફ્ટમાં આપી ત્યારે એની ખુશી જોઈને મને ડબલ ખુશી થઈ.

"યુ નો આર્યા. એ બુક ઈસ ધ બેસ્ટ ગિફ્ટ એવર. બુક એક એવી ગિફ્ટ છે જે તમે વારે વારે ઓપન કરી શકો !" રિષાએ મને કહ્યું.

તે જ વખતે કોઈ રિષાને બોલાવવા આવ્યું, "રિષા, તારા ડેડી, ડોક્ટર ધર્મદર્શી, તને બોલાવે છે !"

આ સાંભળીને મને આંચકો લાગ્યો. રિષાના ડેડી શહેરના સહુથી મોટા ડોક્ટર હતા. એટલે કે રિષાનું ફેમિલી ખૂબ પૈસાદાર હતું. શક્ય હતું કે રિષાને મારા કરતા ઘણુંય વધારે પોકેટ મની મળતા હતા. પણ, મને એવું ક્યારેય નહોતું લાગ્યું કે રિષા મારાથી અલગ છે. ઉલ્ટું રિષાએ મને ક્યારેય એવું લાગવા નહોતું દીધું. એણે ક્યારેય પેલી પોપ્યુલર છોકરીઓની જેમ પોતાના પૈસાનો રોફ મારીને મને દુઃખ નહોતું આપ્યું. "જો મને ક્યારેય વધુ પોકેટ મની મળશે, તો હું પણ રિષાની જેમ, મારા ફ્રેન્ડસને આનંદ રહે એવી રીતે એમની સાથે સરખી બનીને રહીશ" તે રાત્રે મેં ડાયરીમાં લખ્યું હતું.

"તો આ હતી મારી રીડિંગ જર્નીની(સફરની) શરૂઆત!," આમ કહી મિસ આર્યાએ માઈક બાજુમાં મૂક્યું.

"પણ મેડમ, શું નાનાજીની કોન્ટેસ્ટમાં તમે વિનર બન્યા ? તમે બાકીના પૈસાનું શું કર્યું ?" નાનકડી બાળકીએ ફરી પૂછ્યું.

મિસ આર્યા હસી પડ્યા, "એનો મતલબ કે તું સ્ટોરી ધ્યાનથી સાંભળતી હતી. વેલ, ના, હું વિનર નહોતી બની," આર્યાએ કહ્યું. "વિનર મારો કઝીન બન્યો હતો જેણે સહુથી વધુ પૈસા બચાવ્યા હતા અને સાથે સાથે પોતાના ભાઈ-બહેન અને મમ્મી-પપ્પા માટે મનગમતી વસ્તુઓ ખરીદી હતી. મારા બાકીના પૈસામાંથી મેં મારા અને નાનાજી માટે બુક્સ ખરીદી હતી."

વાતચીત પતી એટલે આર્યાએ બાળકોની બુક્સમાં સાઈન કરવાનું શરૂ કર્યું. પેલી નાનકડી બાળકીનો નંબર આવ્યો. પોતાની કોપી ટેબલ પર મૂકીને એણે કહ્યું, "મેં આ બુક મારા પોકેટ મનીમાંથી ખરીદી છે." આ સાંભળીને, મિસ આર્યાને બહુ જ મીઠું લાગ્યું.

"શું નામ છે તારું, સ્વીટી ?" મિસ આર્યાએ પૂછ્યું.

"અનન્યા"

"ડિયર અનન્યા, મારી ઈચ્છા છે કે તું પણ તારી ગોલ્ડન વિંગ્સ (સોનેરી પાંખો) શોધીને લાઈફમાં ખૂબ ઊંચે ઊડે !" મિસ આર્યાએ પોતાની બુકમાં લખ્યું અને પોતાની સાઈન કરી.



# My Creation

1



2



3



4



5



6



7




તમારા મનપસંદ કલર પેપરમાંથી તમારી પોકેટમની માટે આ રીતે ૩ Coin Box બનાવી શકો છો.

૧) Spend (પોતાના માટે ખર્ચવું)
૨) Share (બીજા માટે ખર્ચવું)
૩) Save (બચત)

# ચાલો રમીએ...





## 1

અનન્યાની પાસે ૪ પ્રકારના સિક્કા છે, જેને આપેલા ચોરસમાં એવી રીતે ગોઠવવાના છે કે આડી કે ઊભી હરોળમાં એકથી વધુ ન આવે. તો તમે ગોઠવવામાં હેલ્પ કરો.



## 2


બાજુમાં આપેલી પઝલ સોલ્વ કરો.

○ + ○ = 10

○ x ■ + ■ = 12

○ x ■ - ▲ x ○ = ○

▲ = ?


જોય લીફ
કવીન 'ગ્રેસ' વિઝડમ જંગલના સહુથી ઊંચા વૃક્ષ પર બેસીને ગ્લાસીસથી જંગલના એનિમલ્સનો હાલ તપાસી રહ્યા હતા.
થોડા જ સમયમાં આપણી પાસે જંગલમાં સહુથી વધારે 'એની-મની' હશે ! આપણે માલદાર, એટલે કે 'એની-મનીદાર' બની જઈશું !
ગ્રેસે પોતાના આસિસ્ટન્ટ 'બ્લુ'ને ઈશારો કરીને બોલાવ્યો.
બ્લુ, જંગલના એનિમલ્સને 'એની-મની' નું આટલું મહત્વ કેમ છે ?
કવીન, હું તપાસ કરીને જણાવું.
સ્કૂલ કેન્ટીનમાં,
બની, મને ફ્રૂટ સેન્ડવીચ, હની-બ્રેડ અને ત્રણ ગ્લાસ બનાના મિલ્કશેક આપ.
ઝુબી, આટલું બધું ? તું ફ્રેન્ડસ સાથે શેર કરીશ ? કે પછી આજે તારો બર્થ-ડે છે ?



શેર ? ના રે ના ! મારી પાસે 'એની-મની' હોય તો હું કેમ ના વાપરું ?! 'મની' સ્પેન્ડ કરીને મને ખુશી મળે છે. સિમ્પલ !
સેલી, તું શું ખાઈશ ?
ચીઝ ! મારી પાસે ફક્ત બે જ 'એની-મની' નોટ્સ છે. ઝુબી જેટલા ઓપ્શન્સ ક્યાં છે મારી પાસે ?
પણ તને તો ચીઝ ભાવે છે ને સેલી !
જો મારી પાસે પણ ઝુબી જેટલું 'એની-મની' હોત, તો હું પણ એની જેમ હેપ્પી હોત !
કવીન ગ્રેસ પાસે આવીને,
કવીન, જંગલના એનિમલ્સને એવું લાગે છે કે 'એની-મની'થી જ ખુશી મળી શકે.
ખરેખર ?!
થોડું વિચારીને,
કાલે સનસેટ વખતે બધાને વોટર ફોલ પાસે બોલાવવામાં આવે.
આજથી આપણે જંગલમાં 'એની-મની'ની નોટબંધી કરીએ છીએ. આ કરન્સી (પૈસાની નોટ્સ) હવે નહીં ચાલે.
!!!
!!!
!!!


બધા જ એનિમલ્સને સરખા પાનવાળું 'જોય-લીફ' પ્લાન્ટ આપવામાં આવશે. જ્યારે જોઈએ ત્યારે 'જોય-લીફ' ખર્ચીને તમે ખુશી મેળવી શકો છો. જો ખુશી જ જોઈતી હોય, તો એની-મનીની શું જરૂર ?
અને જોય-લીફ ખતમ થઈ જાય તો ?
તો એને ઉગાડવાની જવાબદારી તમારી !
અમુક સમય પછી, બધાના 'જોય-લીફ' પતવા આવ્યા. પણ કોઈને પાન ફરી ઉગાડવાની રીત નહોતી ખબર. 'જોય-લીફ'ના પાન ઉગાડવાની બધી જ રીતો નિષ્ફળ ગઈ.
મારા 'જોય-લીફ' તો પતી ગયા. બધાને ખાતા જોઈને જ પેટ ભરવું પડશે.
ઝુબી ચાલ મારી સાથે (કેન્ટીન વાળા સસલાને) : મને ફોર ચીઝની પ્લેટર અને ઝુબી માટે એક હની સેન્ડવીચ આપો.



એવું નહી કર. તારા જોય-લીફ પતી જશે.
એ તો એમેય કાલે પતી જ જશે તો ભલે ને આજે પતે પણ હું અને ઝુબી સાથે નાસ્તો તો કરી શકીશું ને !
જો મારી પાસે જોય-લીફ આવશે તો હું પણ તારા માટે વાપરીશ !
બીજા દિવસે જંગલમાં,
શું આ વાત સાચી છે ?
હા, હા સાચી છે.
ઝુબી અને સેલીના પ્લાન્ટમાં ફરી જોય-લીફ ઉગ્યા છે.
સાંજે વોટર હોલ પાસે,
આ કેવી રીતે બન્યું ?
સેલીએ પોતાનો વિચાર કર્યા વગર ઝુબીને પોતાના જોય-લીફ આપ્યા. અને ઝુબીએ સાચા દિલથી સેલી માટે પ્રેયર કરી કે એને જો જોય-લીફ મળશે તો એ સેલી માટે વાપરશે.
ખુશી 'મની'(પૈસા) થી ના ખરીદાય. ખુશી તો એના પર આધાર રાખે છે કે મનીનો ઉપયોગ કેવી રીતે થાય છે ? પોતાના સ્વાર્થ માટે કે બીજાના સુખ માટે !

# બનો સેલીના ફ્રેન્ડ

જોયું મિત્રો, સેલીએ ઝુબીની ખુશીનો પહેલો વિચાર કર્યો. પોતાની ખુશીનો નહીં ! પણ શું સેલી પહેલેથી આવી સમજણવાળી હતી ? ના !!! અરે, એક દિવસ તો ઝુબીનું સરસ મજાનું જેકેટ જોઈને સેલીએ પણ એના મમ્મી-ડેડીને એવું જ જેકેટ લઈ આપવાની જીદ કરી હતી. પછી શું થયું ?

એ તો તમારે અમને જણાવવાનું છે. સેલીની નાનકડી વાર્તા લખીને અમને જણાવો કે સેલીએ પોતાની જીદ કેમ છોડી દીધી ? જો તમારે એ સ્ટોરીના કેરેક્ટર બની, સેલીના ફ્રેન્ડ બનીને સેલીને કંઈ કહેવાનું હોય તો તમે એને શું કહો ? તમારી નાનકડી વાર્તા અમને akramexpress4kids@mail.com પર email કરો. અમે રાહ જોઈશું.

તમારી વાર્તાઓમાંથી એક વાર્તા પસંદ થશે અને આવતા મહિનાના અંકમાં છપાશે.



# મારા જ્ઞાની



દાદાશ્રીએ પહેલેથી જ સંતોષપૂર્વક બિઝનેસ કરેલો. ઓછી કમાણીમાં પણ દાદાશ્રીને ખૂબ જ સંતોષ હતો. એમને પૈસા કરતા વધારે કિંમત 'સારા સંગ'ની હતી. આથી જ એમના પાર્ટનર સિવાય બીજા લોકો જો દાદાને લાખો રૂપિયાની ઓફર આપતા, તો પણ તેઓ સ્વીકારતા નહીં. એમના પાર્ટનર જેવા ઊંચા ગુણો બીજા લોકોમાં નહોતા. બીજા લોકોના સંગથી પોતાને કુસંગ ના અડે એ દાદાશ્રી માટે વધુ મહત્વનું હતું.

દાદા કહેતા કે શરીરમાં જેમ નાક, કાન, આંખ, દાંત બધાની સંભાળ રાખીએ છીએ, કોઈ એક જ ચીજની સંભાળ વધારે પડતી નથી રાખતા, તેમ જીવનમાં ફક્ત પૈસાની પાછળ ના પડવું જોઈએ.

દાદાને પહેલેથી જ ખ્યાલ હતો કે બંગલા, ગાડીના સુખો અંતે અંદરની શાંતિ અને અંદરના સુખને નષ્ટ કરનારા છે. ઘણા લોકો દાદાને કહેતા, "મામાની પોળમાં આપણા સર્કલવાળા બધા ગાડીઓ લઈ આવ્યા. તમે એકલા જ ગાડી વગરના રહ્યા." પણ દાદા તો બીજા કોઈના કહેવાથી કે બીજા કોઈનું જોવાથી એ બધા બાહ્ય સુખોની હરીફાઈમાં ક્યારેય પડેલા જ નહીં. દાદાને તો પોળમાં જ શાંતિ લાગતી. પોતાની નાની રૂમમાં જ આનંદ હતો. તેઓ સમજીને એવી બાઉન્ડ્રીમાં રહેલા જ્યાં એમની પાસે દુઃખ આવે જ નહીં !

દાદાશ્રીએ ક્યારેય જીવનમાં કોઈની પાસેથી પૈસો લીધો નથી. ઉલ્ટું, પોતાના ધંધાની કમાણીમાંથી તેઓ મહાત્માઓને ફ્રી ઓફ કોસ્ટ જાત્રા કરાવતા હતા !





# ઐતિહાસિક ગૌરવગાથા

કોશલા નામે એક નાનું ગામ હતું. એ ગામમાં એક બ્રાહ્મણ રહે. એનું નામ મુકુંદ. કહેવાય છે કે બ્રાહ્મણો ઉપર માતા સરસ્વતીના ચારેય હાથ હોય. તેઓ બધી જ વિદ્યાઓ જાણે. પણ જન્મે બ્રાહ્મણ હોવા છતાંય મુકુંદને તો માતા સરસ્વતી જાણે ભૂલી જ ગયા હતા. મુકુંદને ભણવા-ગણવાનું નામેય નહોતું આવડતું. એને જોઈને કોઈને એવું લાગે જ નહીં કે એ બ્રાહ્મણપુત્ર છે.


મુકુંદ પાસે ના તો વિદ્યા મળે ના તો ધન. એ તો જેમ તેમ મહેનત કરીને દહાડા કાઢતો. આમ ઘણોખરો સમય એ આળસમાં, હરવા-ફરવામાં અને ગપાટા મારવામાં જ વિતાવતો.

એક દિવસ ગામમાં સ્કંદિલાચાર્ય નામના મોટા આચાર્ય આવ્યા. એમની વાણી એવી મધુર કે સાંભળતા જ અંતરમાં ઊતરી જાય.

બ્રાહ્મણ મુકુંદે એ વાણી સાંભળી અને એના અંતરના દ્વાર ઊઘડી ગયા. એને થયું, "આ જિંદગીમાં ના વિદ્યા મળી, ના ધન. અને ઉંમર તો કંઈ થોડી કોઈની રાહ જુએ છે ? આમ ને આમ ક્યાંક આખી જિંદગી હારી જવાનો વખત ના આવે ! તો પછી ધર્મને માર્ગે મારા આત્માનો ઉદ્ધાર કેમ ના કરી લઉં ? જ્ઞાનની ખાણ જેવા ગુરુ શોધે તો પણ નહીં મળે !" અને મુકુંદે આચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરી.

મુનિ મુકુંદે જોયું કે એમના સાથીદારો બધા અનેક વિદ્યાઓના જાણકાર હતા અને રાત-દિવસ ભણવામાં લાગ્યા રહેતા. એમને થયું, "હું પણ વિદ્વાન કેમ ના બની શકું ? મહેનત કરીશ તો જરૂર ફળ મળશે."

અને મુનિ મુકુંદ ભણવા લાગી ગયા.



આ જોઈને બીજા મુનિઓ એમની મશ્કરી કરવા લાગ્યા, "આટલી મોટી ઉંમરે જ્ઞાન ક્યાંથી મળવાનું છે ?"

પણ મુનિ મુકુંદને આવી મશ્કરીઓની કોઈ પરવાહ નહોતી. રાત્રે જ્યારે બધા સૂવા જતા, ત્યારે તેઓ એકાંતમાં બેસીને ઊંચા અવાજે શાસ્ત્રોના પાઠ યાદ કરવાની કોશિશ કરતા. રાતની શાંતિમાં એમનો અવાજ દૂર દૂર સુધી સંભળાતો.

થોડા દિવસો સુધી તો કોઈ કંઈ ના બોલ્યું. પણ બીજા મુનિઓએ ઊંઘમાં ખલેલ પડવાની ફરિયાદ કરી.

એક દિવસ ગુરુએ મુનિ મુકુંદને સમજાવ્યું, "મુનિ, રાત્રે જોર જોરથી બોલીને કોઈની ઊંઘ બગાડીએ એ ઉચિત ન કહેવાય. વળી, કોઈ હિંસક જીવ જાગી જાય તો વિના કારણ અનર્થ થઈ જાય."

મુનિ મુકુંદને વિદ્વાન થવાની અજબ તાલાવેલી લાગી હતી. એટલે એ રાતના બદલે દિવસે, જોરજોરથી બોલીને પાઠ યાદ કરવા લાગ્યા. પણ ત્યાં બીજા મુનિઓએ ફરી ફરિયાદ કરી, "આ તો કેવો ઘોંઘાટ ! કાન ફાડી નાંખે એવો !"


એક જણે મશ્કરીમાં કહ્યું, "મુકુંદ મુનિ તો મોટા વિદ્વાન બનવાના છે. એવા મોટા વિદ્વાન કે કોઈનાથી પાછા ના પડે. અને જોજો ને, થોડા વખતમાં એવા જબરા પંડિત થઈ જશે કે પોતાની પંડિતાઈના જોરે થાંભલા પર ફૂલો ઉગાડશે !"

આ શબ્દ મુકુંદ મુનિના કાને પડ્યા અને એમના અંતરને જબરો આઘાત લાગ્યો, પણ એ કંઈ ના બોલ્યા. એમને થયું, "બોલીને બગાડવા કરતા, કરી બતાવવું જ યોગ્ય છે."

અને તેઓ દિવસ રાત અભ્યાસમાં લાગી ગયા. એમના અભ્યાસે જાણે માતા સરસ્વતીનું હૈયું પીગળાવી દીધું અને તેઓ વિજયી બન્યા. એક દિવસ એવો આવ્યો કે જોનારા જોઈ રહ્યા અને હસનારા ભોંઠા પડ્યા. ખરેખર, મૂર્ખતાના થાંભલા પર સાચી પંડિતાઈના સુંદર અને સુગંધી ફૂલો ઊગી નીકળ્યા.

આમ, પોતાની મહેનતના બળે ઠોઠ નિશાળિયા જેવા મુનિ મુકુંદ મોટા પંડિત બની ગયા. જૈન સંઘે એમને 'વૃદ્ધવાદી' કહીને સંબોધ્યા.

મુનિ મુકુંદના ગુરુ, સ્કંદિલાચાર્યે ધર્મ અને સંઘની રક્ષાનો ભાર બીજા મુનિઓના બદલે વૃદ્ધવાદીને સોંપીને એમને સાધુ સંઘના આગેવાન બનાવ્યા.



Akram Express

July 2021
Year : 13, Issue : 11
Conti. Issue No.: 155

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

# અને છેલ્લે છેલ્લે...

એક દિવસ ટીચરે બાળકોને વિશ્વના સાત આશ્ચર્ય (Seven Wonders of the world) લખવા કહ્યું. અંદરોઅંદર થોડા મતભેદ પછી બાળકોએ એક લિસ્ટ તૈયાર કર્યું જેમાં હતા - ઈજિપ્તના ગ્રેટ પિરામિડ, તાજમહલ, ગ્રેંડ કેન્યન, એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ વગેરે.

એક નાનકડી બાળકીનું પેપર ખાલી હતું. ટીચરે એને પૂછ્યું, "શું થયું ? લિસ્ટ બનાવવામાં તકલીફ પડે છે ?"

બાળકીએ કહ્યું, "હા ટીચર. મને સમજાતું નથી કે આટલા બધા આશ્ચર્યોમાં હું કયા આશ્ચર્ય લખું ?!"

ટીચરે કહ્યું, "તું અમને કહે કે તેં ક્યા આશ્ચર્યો વિચાર્યા છે ? કદાચ અમે તારી કંઈ મદદ કરી શકીએ."

**બાળકીએ કહ્યું, "મને લાગે છે કે વિશ્વના સાત આશ્ચર્યો છે, ૧) જોવું, ૨) સાંભળવું, ૩) સ્પર્શવું, ૪) ચાખવું, ૫) શીખવું-અનુભવવું, ૬) હસવું અને ૭) પ્રેમ"**

ક્લાસ રૂમમાં એકદમ શાંતિ છવાઈ ગઈ. જગતમાં જે સહુથી કિંમતી વસ્તુઓ છે, એ ના તો મનુષ્યો બનાવી શકે છે અને ના તો ખરીદી શકે છે. મજાની વાત એ છે કે આપણા સહુ પાસે એ આશ્ચર્યકારક વસ્તુઓ છે.

**તો પોકેટ મની મળે કે ના મળે, ઓછું મળે કે વધારે મળે, એની કિંમત નથી. પણ કિંમત તો આપણી પાસે રહેલા આશ્ચર્યોની સમજીને, આનંદમાં રહેવાની છે !**



અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **WhatsApp** કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.